SAURASHTRA UNIVERSITY
CARRER COUNSELLING & DEVELOPMENT CENTRE (CCDC)
University Campus, University Road, Rajkot- 360005
Phone No.:(0281) 2587144 Ext. No. 476
E-mail Id: ccdc@sauuni.ac.in

**તા. ૦૯-૦૪-૨૦૨૪**

# પ્રેસનોટ

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.) દ્વારા તા. ૨૩-૦૪-૨૦૨૪ થી ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) (પુરુષ તથા મહિલા) વર્ગ-૩ની ૪૭૨ ની જગ્યાઓ માટેની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે પ્રાથમિક તબક્કાના કોચીંગ વર્ગોનું આયોજન...**

**રાજ્ય સરકારશ્રીની પી.એસ.આઈ. ભરતીની પ્રાથમિક પરીક્ષાની તાલીમ યોજાશે...**

**૧૦૦ કલાકની તાલીમમાં વહેલા તે પહેલાને ધોરણે એડમીશન...**

**સરકારી નોકરી મેળવતા છાત્રોને સી.સી.ડી.સી.નો લાભ લેવા અનુરોધ... પ્રો. નિલાંમ્બરીબેન દવે...**

---

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સી.સી.ડી.સી. મારફત જુદી જુદી સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ સચોટ રીતે જુદાં-જુદાં વિષયોનાં તજજ્ઞો મારફત આપવામાં આવે છે. દેશભરમાં સી.સી.ડી.સી. પ્રકારનું સરકારી નોકરી અપાવતું કેન્દ્ર એક માત્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૨૦૦૯ થી ચાલે છે અને **'નેક'** મારફત દેશભરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની **"બેસ્ટ પ્રેક્ટીસ"** તરીકે આઈડેન્ટીફાઈડ કરાયેલ છે. સી.સી.ડી.સી.નાં તજજ્ઞોની સચોટ તાલીમનાં કારણે ૪૦૦૦ થી વધુ છાત્રોને સરકારી નોકરીનું સ્વપ્ન સાકાર થયું છે.

સીસીડીસીના તાલીમ વર્ગોમાં દરરોજ સીલેકટેડ ટોપીક ઉપર માર્ગદર્શન, સ્વચકાસણી સ્વરૂપ એમ.સી.કયુ. પરીક્ષા, જ્ઞાનના સાગર રૂપી ઈનહાઉસ લાયબ્રેરી તથા પરીક્ષામાં સફળતા મેળવે તે પ્રકારનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી અને કુલસચિવશ્રીના સફળ માર્ગદર્શન હેઠળ ટીમ સી.સી.ડી.સી. મારફત અનેક સફળતાપૂર્વક કાર્યક્રમ અને તેના ફળ સ્વરૂપ દરેક પરીક્ષામાં છાત્રો મારફત ઝળહળતી સફળતા મેળવી સીસીડીસીના તાલીમવર્ગોને અને કાર્યશાળાઓના આયોજનને બિરદાવેલ છે. હાલ ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા બિનહથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટરની **PSI** ૪૭૨ જગ્યાઓની ભરતી કરવામાં આવનાર છે. આ માટે ભરતીની જાહેરાતના અનુસંધાને પરીક્ષાની પૂર્વ તૈયારી માટે પ્રાથમિક તબક્કાના કોચીંગવર્ગ સી.સી.ડી.સી., સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તા. ૨૩-૦૪-૨૦૨૪ ને મંગળવારથી સી.સી.ડી.સી. ખાતે પ્રાથમિક પરીક્ષાના તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રાથમિક પરીક્ષાના તાલીમવર્ગના અભ્યાસક્રમમાં ભારતનું બંધારણ, ઈતિહાસ, ભૂગોળ, સાંસ્કૃતિક વારસો, સાયન્સ એન્ડ ટેકનોલોજી, અર્થશાસ્ત્ર, ક્વોન્ટીટેટીવ એપ્ટીટયૂડ અને રીઝનીંગ જેવા સિલેકટેડ વિષયોની સઘન તાલીમ આપવામાં આવનાર છે. ઉપરોક્ત તાલીમવર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારો તા. ૨૦-૦૪-૨૦૨૪ સુધીમાં ગ્રાઉન્ડ ફ્લોર, સીસીડીસી બિલ્ડીંગ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજીસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, ગુજરાત પોલીસ ભરતી બોર્ડનું ઓનલાઈન ભરેલ ફોર્મની ઝેરોક્ષ, આઈ.ડી. પ્રુફ, છેલ્લી માર્કશીટ અને સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ સાથે લાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન ફોર્મ ભરી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજીસ્ટ્રેશન ફી ભરી શકાશે.

**પ્રતિ,**
**તંત્રીશ્રી,**
**ઉપરોકત માહિતિ વિદ્યાર્થીઓના લાભાર્થે આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.**
**આભાર સહ,**

**વતી,** Amit

**કાડીનટર,**
**કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર,**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.**